

## મોડાસામાં ગુજરાત રાજ્યની વાલ્મીકી સમાજની ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વાલ્મીકી સમાજ દ્વારા ગુજરાત રાજ્ય વાલ્મીકી સમાજની ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. સમગ્ર ટૂર્નામેન્ટના અંતે શનિવારે યોજાયેલી ફાઈનલ મેચ મોડાસા સર્વોદયનગર અને મેઘરજની ટીમો ટકરાઈ હતી. જેમાં મોડાસાની ટીમનો ભવ્ય વિજય થયો હતો. ફાઈનલ મેચમાં મોડાસા ન.પા. પ્રમુખ વનિતાબેન પટેલ, જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી, ઉપપ્રમુખ દિનેશભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહી વિજેતા ટીમને ટ્રોફી અને ૫૦૦૦ રૂ.નો ચેક અર્પણ કરાયો હતો. જ્યારે રનર્સ ટીમને ટ્રોફી અને ૩૦૦૦ રૂ. ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ફાઈનલ ક્રિકેટ મેચ નિહાળવા મોટી સંખ્યામાં વાલ્મીકી સમાજના યુવાનો, મહિલાઓ અબાલવૃદ્ધ ઉમટી પડ્યા હતા. સમગ્ર ક્રિકેટ ટૂર્નામેન્ટમાં અશોકભાઈ રાઠોડ અને તેમની ટીમે સફળ આયોજન કર્યું હતુ.

# તલોદ બજારમાં ગુમાસ્તાધારા મુજબ સાપ્તાહિક રજા રાખવા માંગણી

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ બજારમાં રવિવાર કે અન્ય કોઈપણ દિવસે વેપારીઓ ૧ દિવસની સાપ્તાહિક રજા નહિ રાખતા હોઈ તલોદના સેંકડો ગુમાસ્તા, કર્મચારી ભાઈઓની લાગણી દુભાઈ છે. ભૂતકાળમાં તલોદ નગરપાલિકાએ રવિવારની રજા માટે વેપારી આલમને ફરજ પાડી હતી. પરંતુ ઘણા સમયથી અહીં કાયદાની ઐસી કી તૈસી કરીને રવિવારની રજા મોટાભાગના વેપારીઓ રાખતા નથી. તો બીજી તરફ તંત્ર તપાસ કરી કોઈપણ જાતના પગલા નહિ ભરીને બેફિકરાઈ દાખવતા જિલ્લાના આ મોટા વેપારી મથકમાં ગુમાસ્તાધારાના કાયદાના લીરેલીરા ઉડી રહ્યા હોય તેમ ભાસી રહ્યું છે. ગુમાસ્તા આલમની પણ આંતરિક લાગણી અને માંગણી છે કે અઠવાડિયામાં રવિવારની એક રજા મળવી જ જોઈએ.

તલોદ બજારની દુકાનો રવિવારે રાબેતા મુજબ સવારથી જ ખુલી જતી હોય છે. પરંતુ તલોદનગરપાલિકાના અધિકારી દ્વારા કે લેબર ઓફિસ હિંમતનગરના સત્તાધિશો તરફથી કોઈપણ જાતના પગલા લેવામાં આવતા નથી. અત્યંત આવશ્યક એવા વેપાર-ધંધાને બાદ કરતાં રવિવારે જડબેસલાક તલોદ બજારની વેપારી સંસ્થાઓને બંધ રાખવાની અચૂક ફરજ પડે તે દિશામાં બેજવાબદારી દાખવતુ તંત્ર જવાબદારી અદા કરે તે સમયની માંગ છે.

તલોદ નગરપાલિકામાં મહેકમ/સ્ટાફની ઉપણને કારણે આ કામગીરી બજાવી નહિ શકાતી હોવાની વાત જાણવા મળેલ છે. ત્યારે સવાલ એ થાય છે કે સાપ્તાહિક રજા પાડવાની વેપારીઓને ફરજ પડે તે અંગે અભિયાન પણ કેમ હાથ ધરવામાં નથી આવતું?

જો સાપ્તાહિક રજા પાડવાની વેપારીઓને ફરજ પડશે તો ગુમાસ્તાઓ તથા તેમના પરિવારજનો માટે પણ ભારે રાહત મળશે અને તેઓની હક રજાના દિવસે થતુ કથિત શોષણ અટકી જશે જે આશિર્વાદરૂપ બાબત હશે.

ગુમાસ્તાધારા અન્વયે વેપારીઓને નાની નાની બાબતે પરેશાન કરીને અમલવારી કરવાને બદલે માત્ર ગુમાસ્તા ધારા અન્વયે અઠવાડિયામાં એક રજા ફરજીયાત પાડવી પડે તેવા કાયદાનો અમલ કરવાની તાતી જરૂરીયાત છે.

## કામોનો હિસાબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આથી આજની આ બેઠકમાં અધિકારીઓને આ યુટીસી પ્રમાણપત્રોની વિગતો સાથે આવવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્રના કામો સૂચવવા માટેની હાથ ધરાયેલી કામગીરીની કવાયતના ભાગરૂપે આ બેઠક યોજવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જેથી કામો બેવડાય નહિ તેમજ વિકાસના કેટલા કામો પૂર્ણ થયા છે અને કેટલા અધુરા છે જે ક્યાં સુધીમાં પૂર્ણ થશે તેનુ સ્પષ્ટ ચિત્ર પણ તંત્ર પાસે ઉપલબ્ધ થશે. આ બેઠકને મહત્વની બેઠક માનવામાં આવી રહી છે. તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિલેજ પ્રોફાઈલ અપડેટ કરવામાં પણ આ માહિતી મહત્વનું સ્ત્રોત બની રહેશે તેથી આ બેઠકનું મહત્વ વધી જાય છે.

## પોલીસનું જ બાઈક...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે તો હવે ગુનાહીત કાવતરા અંગેની કલમ પર પ્રશ્નાર્થ ઉભો થયો છે.

તો બીજી તરફ આજે ગોપાલના રિમાન્ડ પુર્ણ થતા તેને જ્યુડીશીયલ કસ્ટડીમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. પોલીસે બે દિવસ રિમાન્ડ દરમ્યાન ગોપાલની કરેલી પુછપરછમાં જાણવા મળ્યુ છે કે ગોપાલ પોલીસનું જ બાઈક લઈને વિધાનસભામાં આવ્યો હતો. પહેલા ગોપાલ પોલીસ કર્મચારી હતો. ત્યારનો તેના અમદાવાદના જુના મિત્ર કિરણનું ખાનગી બાઈક લઈને ગોપાલ તે દિવસે ગાંધીનગર આવીને વિધાનસભામાં પ્રવેશ્યો હતો. એલસીબીએ પોલીસ કર્મચારીએ કિરણને બોલાવીને તેનુ પણ નિવેદન લીધુ હતુ. આ ગુનામાં તેની કોઈ સંડોવણી છે કે કેમ ? તેની પણ તપાસ કરવામાં આવી હતી. જો કે ગોપાલ મિત્ર હતો અને તેણે ગાંધીનગર જવા બાઈક જોઈતુ હોવાથી બાઈક આપ્યુ હતુ. તે સિવાય તેનો બીજો કોઈ રોલ ન હોવાનું તેણે નિવેદન આપ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. આવતીકાલે ગોપાલની જામીન અંગેની સુનાવણી છે.

## આતંકવાદી ઠાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે આતંકવાદી સૈફુલ્લા ઉર્ફે ઓસામા પાકિસ્તાની ત્રાસવાદી હતો અને જૈશે મોહંમદ માટે કામ કરી રહ્યો હતો. પોલીસ અધિકારીએ કહ્યું હતુ કે આ અભિયાનનું નેતૃત્વ કરનાર પોલીસ કોન્સ્ટેબલ મુજુર અહેમદ નાયક શહીદ થયા છે. આ ઓપરેશનની શરૂઆત ગઈકાલે સાંજે સાત વાગે કરવામાં આવી હતી અને આ ઓપરેશન આજે સવારે ૬.૩૦ વાગ્યા સુધી ચાલ્યું હતું. છુપાયેલા ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે ત્રાસવાદીઓને ચારેબાજુ ઘેરી લેવાયા બાદ કાયવાહી હાથ ધરવામાં આવી હતી.

સુરક્ષા દળોને બે ત્રાસવાદીઓ એક કારપેન્ટરના ઘરમાં છુપાયા હોવાની માહિતી મળી હતી ત્યારબાદ પોલીસ, સેના અને સીઆરપીએફએ ઓપરેશન સાથે મળીને હાથ ધર્યું હતું. સુરક્ષા દળોએ સાંજે સાત વાગ્યા સુધી ત્રાસવાદીઓને નિહાળી લીધા બાદ બંને પક્ષો તરફથી ગોળીબાર શરૂ થયો હતો. ત્રાસવાદીઓએ ફરાર થવા માટે સ્થાનિક લોકોની મદદ લેવાના પ્રયાસ કર્યા હતા. ત્રાસવાદી વિરોધી અભિયાનમાં ભાગ લઈ રહેલા જવાનો ઉપર પથ્થરમારો કરાયો હતો પરંતુ પોલીસ અને સુરક્ષા દળોએ સ્થાનિક લોકો ઉપર અંકુશ મુકીને ઓપરેશનને સફળ રીતે પાર પાડ્યું હતું.

## તપ્પો તૈયાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેશનલ કાઉન્સિલની આગામી બેઠકમાં આ મુદ્દે વિસ્તારપૂર્વક રજુઆત કરવામાં

આવનાર છે. નેશનલ કાઉન્સિલ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનીંગ હેઠળ કામ કરનાર સર્વોચ્ચ મંચ તરીકે છે. અત્રે નોંધનિય છે કે આ વર્ષની શરૂઆતમાં સરકારે ડીએમાં ૬ ટકાનો વધારો કર્યો હતો. આની સાથે જ તેને વધારીને બેઝીક પગારના ૧૨૫ ટકા સુધી લઈ જવાયો હતો. મોડેથી આ ડીએનએ મૂળભૂત પગાર સાથે મર્જ કરાયો હતો. સાતમાં વેતન પંચને અમલી કરવામાં આવ્યા બાદ મૂળભૂત પગારમાં આને મર્જ કરવાનો નિર્ણય લેવાયો હતો. હાલમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો બે ટકાના મોંઘવારી ભથ્થા મેળવવા બંધાયેલા છે. પહેલી જુલાઈ ૨૦૧૬થી આને અમલી કરવાનો નિર્ણય લેવાયો હતો. ડીએમાં આ વધારો કરવાથી સીધો ફાયદો ૫૦ લાખથી વધુ કર્મચારીઓ અને ૫૮ લાખ પેન્શનરોને મળશે. આની જાહેરાતને લઈને કર્મચારીઓ અને નિવૃત્ત કર્મીઓમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે.

## આ પણ વાંચીએ...

### ● મંડપમાં દુલ્હનની પીટાઈ

ફીલ્મો જેવો જ હાઈ પ્રોફાઈલ ડ્રામા લુધિયાણાના એક લગ્ન સમારંભ દરમિયાન જોવા મળ્યો. પંજાબી સિંગર વિશાલકુમારના લગ્ન અહીં યોજાયા હતા. વિશાલકુમાર રિતુ શર્મા સાથે લગ્ન કરી રહ્યો છે તેની જાણ થતાં જ તેની પ્રથમ પત્નિ રાખી શર્મા તેના ભાઈ અને અન્ય કેટલાક સગા સંબંધીઓ સાથે લગ્ન મંડપમાં ધસી આવી હતી અને દુલ્હન રિતુ શર્મા સાથે હાથાપાઈ કરી હતી. રોષે ભરાયેલી રાખીએ પતિ વિશાલકુમારને પણ માર માર્યો હતો. આખરે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.



### ● બળદ ગાડીમાં બેસી સોફ્ટવેર એન્જિનિયર પહોંચ્યો લગ્ન કરવા

લગ્નમાં જાહોજલાલી દેખાડવા મોંઘી ગાડીઓથી લઈને હેલીકોપ્ટરનો પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ તાજેતરમાં થયેલા જુનવાણી ઢબના લગ્ને પણ ખાસ્સી ચર્ચા જગાવી છે. મધ્યપ્રદેશના રતલામના એક સોફટવેર એન્જિનિયર રમેશ પાટીદાર લગ્નમાં થતા ખોટા ખર્ચાને અટકાવવાનો સંદેશ આપવા માંગતા હોઈ તેઓ બળદગાડામાં બેસી લગ્ન કરવા પહોંચ્યા હતા. વરરાજા ઉપરાંત અન્ય સગા સંબંધીઓ પણ બળદગાડામાં બેસી લગ્નમાં જોડાયા હતાં.



### ● અહીં રેતીમાં આળોટવા લોકો દુર દુરથી આવે છે

ગોકુલના રમણ રેતી મંદિર પરિસરમાં ચારે બાજુ રેતી જ રેતી છે. કૃષ્ણભકતો અહીં આવી રેતીમાં આળોટે છે. ફાગણ માસમાં ભકતોની ભીડ વધી જાય છે. ભકતો માને છે કે કૃષ્ણ આ માટીમાં-રેતીમાં રમ્યા હતા તે ચમત્કારીક છે. અહીંયાની રેતીને ઘુંટણ અને સાંધા પર રાખવાથી દર્દ દૂર થઈ જાય છે. આ રેતીને ઘરે લઈ જવાથી ઘર બનાવવાની ઈચ્છા પૂર્ણ થતી હોવાનું માની ભાવિકો અહીંની રેતીને ઘરે પણ લઈ જાય છે.



## ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં વિદાય સમારંભ

ખેડબ્રહ્મા ખાતે કેળવણી મંડળ સંચાલીત શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં શનિવારે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય અને સન્માન સમારંભ શાળાના નિવૃત્ત શિક્ષક ભગવાનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. વિદાય સમારંભમાં શાળાના વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા. આ પ્રસંગે શાળાના પ્રમુખ અશ્વિનભાઈ જોષી, આચાર્ય કપિલભાઈ ઉપાધ્યાય સહિત શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ગાડુ ગામે સત્કાર સમારંભ યોજાયો

ખેડબ્રહ્મા તાલુકાના ગાડુ ગામે શનિવારના રોજ ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલના અધ્યક્ષ સ્થાને ચૂંટાયેલ સરપંચ, તાલુકા સદસ્યોનો સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં ગાડુ, ગાડુકંપા, શ્યામનગરના વણકર માધાભાઈ દેવાભાઈ, દેસાઈ દિનેશભાઈ, પટેલ કનુભાઈ, વણજારા ભૂપતસિંહ, પટેલ મુકેશભાઈ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા. જોડાયેલ કાર્યકરોને અશ્વિનભાઈ કોટવાલે કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર્યા હતા. આ પ્રસંગે ગાડુ ગામના ગ્રામજનોએ શ્રીફળ અને ટોકન આપી અશ્વિન કોટવાલને આગામી વિધાનસભાની ચૂંટણીમાં સફળતા માટે આશીર્વાદ આપ્યા હતા. આ સમારંભમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત ઉપપ્રમુખ નેનાભાઈ સોલંકી, કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, સાબરકાંઠા એસ.સી.સેલ પ્રમુખ કાન્તીભાઈ પરમાર, સાગર પટેલ, નરેશભાઈ પટેલ, પ્રવિણસિંહ સોલંકી, જીતેશભાઈ જોષી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## મેગા રોડ-શો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધીમી ગતિએ આગળ વધ્યો હતો. પોતાના સંસદીય વિસ્તાર વારાણસીમાં રોડ શોનું આયોજન કરાયું હતું. વડાપ્રધાને લોકોનું અભિવાદન પણ સ્વીકાર્યુ હતું. વારાણસીમાં મોદીના બીજા રોડ શોને લઈને પહેલાથી જ તૈયારી કરાઈ હતી. સુરક્ષા વ્યવસ્થા પણ ખૂબ જ મજબૂત રાખનવામાં આવી હતી. પાંડેપુરમાં પહેલાથી જ જમા થઈ ગયા હતા. મોદી મોદી અને વંદે માતરમના નારા લગાવવામાં આવ્યા હતા. અગાઉ મોદી વારાણસીમાં પોલીસ લાઈન પહોંચ્યા હતા. જ્યાંથી મેગા શોની શરૂઆત કરવામાં આવી હતી. અત્રે નોંધનિય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં ગઈ કાલે પણ મેગા રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મોદીના શક્તિ પ્રદર્શનને લઈને ભાજપના કાર્યકરોમાં પણ અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. મોદીના રોડ શોમાં હર હર મોદી ઘર ઘર મોદીના નારા લાગ્યા હતા. ભારત માતા કી જયના નારા પણ લાગ્યા હતા. ચારેબાજુ કેસરિયા રંગ જોવા મળ્યો હતો. મોદીના રોડ શોને લઈને સમગ્ર વારાણસીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. વડાપ્રધાનના રોડ શોને લઈને કાર્યકરોમાં ભારે ઉત્સાહ રહ્યો હતો. અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે સાત જિલ્લાની ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે.

## પરમાત્માના આશીર્વાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બધુ બદલાઈ જાય છે. કોઈપણ વસ્તુ અતિ સુધી પહોંચે ત્યારે તેનો અંત થાય છે. અને અંત માટે શરૂઆત જરુરી હોય છે. કળયુગનો અંત ત્યારે થશે, જયારે સતયુગની શરૂઆત થાય. આપણે સુઈ રહ્યા છીએ તેના માટે કળયુગ, પણ જે જાગી જાય તે સતયુગ લાવી શકે છે. સંસ્કૃતિ સંસ્કાર મુજબની હોય છે. ગુનો, ટેન્શન, ડિપ્રેશન, નફરત, ઈર્ષા, ભય એ કળયુગના સંસ્કાર છે. લોકો મારા અનુસાર ચાલે તેવું ઈચ્છીએ છીએ. જયારે આમ ન થાય ત્યારે ગુસ્સો આવે છે. આ તબક્કે પણે આજે સંકલ્પ કરીએ કયારેય ગુસ્સો નહી કરીએ. ગુસ્સાથી નેગેટીવ વાઈબ્રેશન ઉભા થાય છે. સહનશકિતના અભાવે આજનો સમય ઝોખમી બન્યો છે. જેના લીધે ગુસ્સાના વધતા પ્રમાણથી વ્યકિત ડાયાબીટીસ, બીપી, કોલેસ્ટ્રોલ, સહિતની બિમારીઓનો ભોગ બને છે. આપણી કામ કરવાની પધ્ધતિઓ અને વર્તણુંકમાં સભ્યતા હોવી અનિવાર્યતા છે. પૂજા કરો નો મતલબ પૂજનીય બનવાનો હોય છે. આાણે દુનિયા, સમાજને બદલી શકતા નથી, પોતાની જાતને બદલી શકીએ છીએ. મેડીકલ સાયન્સ મુજબ માણસના મગજમાં આખા દિવસ દરમ્યાન ૭૦ હજારથી ૮૦ વિચાર ક્રિએટ થાય છે. વિચારોની અસર મન, લાગણીઓ, તંદુરસ્તી અને સબંધો પર પડે છે. અને તેવી જ દુનિયાનું સર્જન થાય છે. દરેકના વિચારો અને સંસ્કાર અલગ હોય છે. વ્યકિતનો દરેક બોલ અને વિચાર પરમાત્માના આશિર્વાદ સમાન હોય છે. આપણે વિચારીએ તેવું થશે, વિચારવાની રીતથી બિમાર પણ થવાય છે. અને બિમારી પણ મટી જાય છે. જે વાત સાથે વિજ્ઞાને પણ સહમતિ દાખવી છે. આજના સમયમાં ભોજન અને પાણી પણ ધ્યાનથી લેવા જોઈએ, તે પણ વાઈબ્રેશન આપીને મેજીક કરે છે. સવારના સમયે ઉઠી ને અખબાર ન વાંચવા પણ તેમણે શ્રોતાઓને જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દિવસની શરુઆત જ સાત્વિક થવી જોઈએ. તમારી અંદર જે પહોંચે તે ચિત્તનો હિસ્સો બનશે, અને ત્યારબાદ તમારું ભાગ્ય પણ તેના આધારે બનશે. ખાવાની બનાવવાની વિધી પણ સાત્વિક હોવી જોઈએ અને બીજાઓની દુઆ સાથે હોય તેવું ધન કમાવું જોઈએ. પરંતુ દુવા વગરના કમાયેલા ધનમાંથી નેગેટીવ એનર્જી આવે છે અને દર્દ લાવે છે. આ રીતે તેમણે કળયુગમાં રહેવા છતાં સતયુગી જીવન પ્રાપ્ત કરવાની કલા વર્ણવી હતી. આ તબક્કે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા એ જણાવ્યું હતું કે ભૌતિક ઝાકમઝોળ અને ભીડ વચ્ચે આપણે એકલા થઈ ગયા છીએ. માર્ગો મુલાયમ અને મન ખરબચડા થઈ ગયા છે. ઘરના ઓરડાઓ વધ્યા, પરંતુ મન સાંકડા થઈ ગયા છે. ત્યારે જીવનમાં ઉત્સાહ આવે અને ઉલ્લાસપૂર્વક જીવન જીવાય તેવો પ્રયાસ અર્ક વ્યાખ્યાનમાળાના માધ્યમથી કરવામાં આવે છે. કલ્ચરલ ફોરમ દ્વારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક પ્રવૃતિઓ ઉપરાંત જીવન ઘડતરલક્ષી કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. ત્યારે સમગ્ર વિશ્વમાં જેમનો અવાજ ગુંજે છે. તેવા બ્રહ્માકુમારીના બીકે શિવાની દીદી દ્વારા આજે ગાંધીનગરાઓને પોતાના મનનો એકસ-રે જાણવાની તક મળી છે. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારીઝ ગાંધીનગર કેન્દ્રના વડા બીકે કૈલાસદીદી, બીકે તારાદીદી, આરોગ્ય વિભાગના સચિવ પંકજકુમાર, માહિતી કમિશરન વી.એસ.ગઢવી, મનપાના મેયર પ્રવિણ પટેલ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, કલાગુર્જરી સંસ્થાના પ્રમુખ એન. પી. પટેલ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સહિત મોટી સંખ્યામાં નાગરીકો હાજર રહ્યા હતા.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

કંપની, મંડળી કે સંસ્થાએ જમીન ખરીદતા પહેલા ગણોત ધારાની કલમ ૬૩ તથા ૬૫ની મંજુરી જીલ્લા કલેકટર પાસેથી ફરજીયાત મેળવવાની રહેશે. ત્યારબાદ જ ખેતીની જમીન ખરીદી બીન ખેતી કરાવી શકાશે અગર તો બીન ખેતીમાં ફેરવ્યા બાદ જ જમીનના વેચાણ દસ્તાવેજ કંપની, મંડળી કે સંસ્થાના નામે કરી શકાશે. ત્યાં સુધી માત્ર બાનાખતનો સહારો લઈ જમીન ખરીદવી પડશે જેમાં ખેડૂતો ફરી જવાના કિસ્સા તથા એન.એ. થયા બાદ ભાવ વધારાના કિસ્સા સામે આવશે સરવાળે રાજયનો વિકાસ સુધારવા તથા ઔદ્યોગીક રોકાણકારો માટે કરોડોના ખર્ચે વાયબ્રન્ટ ગુજરાત યોજવામાં આવે છે તેની સામે બીજી બાજુ રોકાણકારોની મુશ્કેલીમાં વધારો કરવા જટીલ કાયદાની આંટીઘુંટીમાં નાંખવામાં આવે છે હાલતો ગતિશીલ ગુજરાતને બ્રેક લાગે તેવું વિધેયક પસાર કરેલ છે.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

કરી છે. હજી થોડા સમય પૂર્વે જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એનું ભૂમિપૂજન કર્યું ત્યારે તેમના મિત્રપક્ષ શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ આ ભૂમિપૂજનને મુંબઈ મહાપાલિકા સહિતની ચૂંટણીમાં વટાવવા માટે કરાયાનો ખુલ્લો આક્ષેપ કર્યો હતો.

તાજેતરમાં જ તેલંગણના મુખ્યપ્રધાન અને તેલંગણ રાષ્ટ્ર સમિતિ (ટીઆરએસ)ના વડા કે. ચંદ્રશેખ રાવ બે વિમાન ભરીને હૈદ્રાબાદથી આંધ્ર પ્રદેશના પવિત્ર યાત્રાધામ તિરુપતિ ગયા. સરકારી તિજોરીમાંથી પાંચ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાવેલાં ૧૯ કિલો જેટલાં સોનાનાં ઘરેણાં ભગવાન વેંકટેશ્વર અને દેવી પદ્માવતીને ચડાવ્યાં. કેસીઆર એનાં પોતાનાં નાણામાંથી પાંચને બદલે દસ કરોડ રૂપિયાનાં ઘરેણાં તિરુપતિમાં ચડાવે તો ભાગ્યે જ કોઈ વાંધો લઈ શકાય, પણ આસ્થાના નામે આ તો નર્યો સરકારી નાણાંનો દુરુપયોગ કરી રહ્યા હોવા છતાં એનો વિરોધ કરવા માટે બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે? આ પહેલાં સરકારી તિજોરીમાંથી ૮ કરોડ રૂપિયાના ખર્ચે કેસીઆર થકી મહાયજ્ઞ પણ કરાવાયો હતો. એમના પ્રધાનમંડળમાં એમના પુત્ર અને ભત્રીજા ઉપરાંત બીજા નિકટના સગાવહાલા પણ છે.દીકરી પાછી સાંસદ છે. દલા તરવાડીનો ન્યાય અહીં ચાલે છે.

અયોધ્યામાં રામમંદિર નિર્માણનો એજન્ડા અધૂરો છે, ત્યાં શિવભકિત વધી છે. ધર્મગુરુ અને સારા વકતા સદગુરુને હમણાં જ મોદી સરકાર તરફથી પદ્મ ઈલકાબ મળ્યો. એના થોડા જ વખતમાં મહાશિવરાત્રી નિમિત્તે વડા પ્રધાન મોદીને તેડાવીને એમણે ૧૧૨ ફીટના 'આદિયોગી-શિવ'ની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરાવ્યું. જોકે, અહીં સરકારી નાણાં વપરાયાં નહીં હોવા છતાં વડા પ્રધાનને તેડાવીને ધર્મ અને રાજકારણને એકાકાર કરવાનો પ્રયાસ થયાનું દક્ષિણ ભારતના ઘણાનું કહેવું છે. સાથે જ વડા પ્રધાન દેશભરના શિવભક્તોને પહોંચવા માટે આવા પ્રસંગોનો ઉપયોગ કરતા હોય એ સ્વાભાવિક છે. વચ્ચે પટણામાં શીખ સમુદાયને કે દિલ્હીમાં સૂફી સમુદાયને એ રીતે પહોંચવાનાં આયોજન થયાં હતાં.મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ પણ વારંવાર ચૂંટણી પહેલાં કે પછી ઉજ્જૈનના મહાકાલ મંદિરે દર્શન કરવા પહોંચી જાય છે. કૉંગ્રેસ અને ભાજપના રાજનેતા, પ્રધાનો જ નહીં, ફિલ્મ અભિનેતા-અભિનેત્રીઓ પણ અજમેરની - ગરીબનવાજની દરગાહને ચાદર ચડાવવાનું મહાત્મ્ય હોવાથી એનું અનુસરણ કરે છે. ભારતીય રાજનીતિમાં ધાર્મિક સ્થળો ઝળકે છે, સાથે ધાર્મિક સિદ્ધાંતોને અનુસરવામાં આવે તો ગનીમત.

- haridesai@gmail.com

## ભિલોડા-ગાંભોઈ માર્ગ પર જીપ-ટ્રેક્ટર ટકરાતાં બેને ઈજા

ભિલોડા,તા.૫

ભિલોડા-ગાંભોઈ ધોરીમાર્ગ ઉપર મોંધરી ગામ પાસે ગત રોજ સમી સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં મહિન્દ્રા બોલેરો જીપ ચાલક-ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ધડાકાભેર ટકરાતાં બે ઈસમો ઘવાયા હતા. અવાર-નવાર નાના-મોટા અકસ્માતો ઠેર-ઠેર માર્ગો ઉપર સર્જાતા હોય છે ત્યારે જીલ્લાભરમાં પ્રાઈવેટ વાહન ચાલકો માતેલા સાંઢની માફક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે વાહનો હંકારતા હોવાના કારણે નિર્દોષ લોકો મોતના ખપ્પરમાં હોમાઈ જતા હોય છે પરંતુ પ્રાઈવેટ જીપ ચાલકો પાસે મલાઈદાર હપ્તા ઉઘરાવતી પોલીસ કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ લોકમુખે ચર્ચાય છે. પોલીસ તંત્ર ધ્વારા સત્વરે યોગ્ય ન્યાયિક કાર્યાવાહી કરવા જાગૃત પ્રજાજનોની પ્રબળ માંગણી છે.



ભિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન પાયલોટ સુરેશભાઈ અસારી, પ્રવિણભાઈ ખરાડી, ઈ.એમ.ટી. પુનમબેન ભાટીયાના જણાવ્યા મુજબ ગત રોજ સમી સાંજે મોંધરી ગામ પાસે ટ્રેક્ટરની ટ્રોલીની પાછળ જીપ ચાલક ધડાકાભેર ટકરાતાં જનાલી ગામના રાકેશભાઈ કચરાભાઈ તરાર આશરે ઉંમર વર્ષ.૩૫, નરેશભાઈ રમણભાઈ પગી આશરે ઉંમર વર્ષ. ૩૦ના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ થતાં કોટેઝ હોસ્પિટલ ભિલોડા ખાતે સારવાર અર્થે લવાયા હતા. ભિલોડા કોટેઝ મેડીકલ ઓફીસર ડૉ. મયુરભાઈ પટેલ પ્રાથમીક સારવાર આપી હતી પરંતુ રાકેશભાઈ કચરાભાઈ તરારને વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું જાણવા મળેલ છે.

## ચિરત્રકાર-સ્સંગીતકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભ્યાસ અર્થે અમેરિકા ગયા તે પહેલા તેમણે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી એમએ કર્યુ હતુ. અમેરિકામાં ત્રણ ત્રણ માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હતી જેમાંથી 'આર્ટ હિસ્ટ્રી અને આર્ટ ક્રિટિઝમ'ની ડિગ્રીના છ વર્ષનો અભ્યાસક્રમ માત્ર દોઢ જ વર્ષમાં પૂર્ણ કરી વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો.

બાળપણથી જ ચૂલાના કોલસાના સહારે રસોડામાં ચિત્રો દોરતા કાર્તિક ત્રિવેદીએ અત્યંત મુશ્કેલીભરી પરિસ્થિતિઓનો સામનો કરી અમેરિકામાં પોતાનું સ્થાન જમાવ્યુ છે. માત્ર આત્મબળ અને પોતાની ચિત્ર તથા સંગીતની કલાના સહારે

**કાર્તિક ત્રિવેદી 'અસાંજો ગુર્જર દેશ' નામની ગુજરાતી ફિલ્મ બનાવી રહ્યાં છે અને તે માટે તેઓ સે. ૧૬ના શાંતમ સ્ટુડિયોમાં સંગીતનું રેકોર્ડીંગ કાર્ય કરાવી રહ્યાં છે. આ ફિલ્મમાં એક બીએસએફના જવાનની પત્નિ પર આધારિત છે. જેના પતિ કચ્છ સરહદે ત્રાસવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થઈ જાય છે. આ શહીદની પત્નિ અને દિકરી અમદાવાદ સ્થાયી થાય છે. જ્યાં દિકરીના પ્રેમીને વિદેશનું ઘેલુ લાગે છે. આ દરમ્યાન દિકરીને રાજસ્થાનના બીએસએફ જવાનનું માંગુ આવે છે જેથી બંને વચ્ચે અટવાતી મા-દિકરીની કહાની આ ફિલ્મનો હાર્દ છે.**

તેમણે ભારત તથા અમેરિકામાં અઢળક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખિતાબો હાંસલ કર્યા છે. પિયાનોવાદક ઉપરાંત સંગીત નિર્દેશક તરીકે ઓરકેસ્ટ્રા શૉ થકી તેઓ વૈશ્વિક ખ્યાતિ પ્રાપ્ત કરી ચુક્યા છે. ભારતના મહાન સંગીતકાર ઉસ્તાદ અલી અકબરખાંના શીષ્ય રહી ચુકેલા કાર્તિક ત્રિવેદીનું વ્યક્તિત્વ દૈવી શક્તિઓથી જાણે ભરપૂર હોય તેવુ દિવ્ય છે અને તેમને અનેકવાર આદ્યશક્તિનો સાક્ષાત્કાર થઈ ચુક્યો હોવાનો તેઓ દાવો પણ કરી રહ્યા છે. માત્ર કળાને વરી આજીવન કુંવારા રહેલા કાર્તિક ત્રિવેદી કહે છે 'હું ગુજરાતી છુ અને મારી માતૃભાષા ગુજરાતી છે તેનુ મને ગૌરવ છે. આજના કોઈ યુવાને ગુજરાતમાં જન્મ્યા હોવાથી લઘુતાગ્રંથી અનુભવવાની જરૂર નથી બલ્કે હવે આપણું ભવિષ્ય ખૂબ ઉજળું છે.'